મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G NEWS ગરવી તાકાત LIVE

૦૫-૦૪-૨૦૨૬
રવિવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૩૪૮
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૨

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે

તમારા ગામ કે શહેરના
સમાચાર વાંચો વેબ પોર્ટલ
ઉપર આંગણીના ટેરવે

Garvitakat.com
લિંક પર કલીક કરો અને
તમારા ગામના કે શહેરના
લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર
તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જંગ : ટિકિટ વિતરણ પહેલા ભાજપનું ડેમેજ કન્ટ્રોલ શરૂ

# ‘મારા-તારા નહીં, સારાને ટિકિટ મળશે’:ભાજપનો બળવાખોરોને સીધો આદેશ, શિસ્ત તોડનારને બહારનો ‘દરવાજો’ દેખાડાશે

**ડેમેજ કન્ટ્રોલઃ ટિકિટ જાહેર થયા પહેલા જ ભાજપે પાણી પહેલા પાળ બાંધી, શિસ્ત સમિતિને એક્શન મોડમાં મૂકી**

**કડક ચેતવણીઃ ધમપછાડા કરનાર ગમે તેવા સિનિયર નેતા હશે તો પણ તાત્કાલિક સસ્પેન્ડ કે પક્ષમાંથી હાંકી કઢાશે**

**ટિકિટની ફોર્મ્યુલાઃ વ્યક્તિગત રાગ-દ્વેષ કે નનામી અરજીઓ સીધી કચરાપેટીમાં જશે; પેન ડ્રાઈવ-CDની રાજનીતિ નહીં ચાલે**

**નજર હેઠળ નેતાઓઃ રજનીકાંત પટેલની આગેવાનીમાં શિસ્ત સમિતિ દરેક બેઠકની આંતરિક ગતિવિધિ પર વોચ રાખશે**

(ગરવી તાકાત) મહેસાણા તા.૪

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને ભાજપમાં ટિકિટ વિતરણ પહેલાં જ ડેમેજ કન્ટ્રોલની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ટિકિટ મળ્યા બાદ આંતરિક વિવાદ ન વકરે તે માટે પક્ષ દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે. બળવો કરનારને શિસ્તનો પાઠ શીખવવા સાથે જ જરૂરી હોય તો તેમને પક્ષમાંથી બહારનો રસ્તો પણ બતાવવામાં આવશે તેવી સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે.

ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ અગાઉથી જ ટિકિટ ઈચ્છુકોને કડક શબ્દોમાં ચેતવણી આપી હતી કે “મારા અને તારા નહીં પરંતુ સારા ઉમેદવારને જ ટિકિટ મળશે.” હવે કમલમથી પણ સૂચના આપવામાં આવી છે કે કોઈપણ કાર્યકર કે નેતા ટિકિટ માટે દબાણ કે ધમપછાડા કરશે તો તેના સામે તાત્કાલિક પગલાં લેવામાં આવશે.

સૂત્રો મુજબ, પક્ષ દ્વારા રચાયેલ શિસ્ત સમિતિને તમામ બેઠકોની આંતરિક ગતિવિધિ પર નજર રાખવા સૂચના આપવામાં આવી છે. કોઈપણ સિનિયર નેતા કે કાર્યકર દ્વારા અસંતોષ કે બળવો દેખાય તો તેમને શો-કોઝ નોટિસ આપીને સસ્પેન્ડ અથવા પક્ષમાંથી દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

આ માટે ભાજપે રજનીકાંત પટેલને શિસ્ત સમિતિના કન્વીનર તરીકે નિમ્યા છે. સાથે જ અન્ય સિનિયર નેતાઓને પણ સમિતિમાં




**શિસ્ત સમિતિને ફ્રી હેન્ડઃ રજનીકાંત પટેલના નેતૃત્વમાં બાજ નજર**

**પક્ષે રજનીકાંત પટેલને શિસ્ત સમિતિના કન્વીનર તરીકે નિયુક્ત કર્યા છે. તેમની સાથે સંગઠન પર મજબૂત પકડ ધરાવતા સિનિયર નેતાઓની ટીમ દરેક બેઠક પર બાજ નજર રાખશે. જો કોઈ સિનિયર નેતા પણ શિસ્તની મર્યાદા ઓળંગશે તો તેમને કારણદર્શક નોટિસ આપ્યા વગર સીધા સસ્પેન્ડ કરવા સુધીના કડક આદેશો અપાયા છે.**

સ્થાન આપવામાં આવ્યું છે, જે બળવાખોર પ્રવૃત્તિઓ પર નજર રાખશે.

પક્ષમાં વધતી દાવેદારીને કારણે ટિકિટ વિતરણ બાદ આંતરિક અસંતોષ ઊભો થવાની શક્યતા છે. તેને ધ્યાનમાં રાખીને ભાજપે પહેલાથી જ શિસ્ત અને સંકલન પર ભાર મૂક્યો છે. ઉત્તર ગુજરાતમાં સામાજિક સમીકરણો, સૌરાષ્ટ્રમાં જુથવાદ અને દક્ષિણ ગુજરાતમાં સ્થાનિક દાવેદારીને ધ્યાનમાં રાખીને ટિકિટ વિતરણ કરવામાં આવશે.

સેન્સ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે સંકલન સમિતિની બેઠક યોજાશે, જેમાં પ્રભારી મંત્રી, નિરીક્ષકો, ધારાસભ્યો, જિલ્લા પ્રમુખો અને તાલુકા પ્રમુખોની હાજરીમાં ચર્ચા થશે. આ બેઠકમાં દાવેદારોના બાયોડેટા પર મંથન કરીને દરેક બેઠક માટે ત્રણ નામોની પેનલ તૈયાર કરવામાં આવશે, જે અંતે પ્રદેશ ભાજપની ચૂંટણી સમિતિ સમક્ષ મોકલવામાં આવશે.

તાજેતરમાં રાજકોટ ખાતે યોજાયેલી બેઠકમાં પણ જગદીશ વિશ્વકર્માએ કાર્યકર્તાઓને સંદેશ આપ્યો હતો કે વ્યક્તિગત રાગદ્વેષને દૂર રાખીને ટીમભાવથી કામ કરવું જરૂરી છે. કોઈપણ પ્રકારની નકારાત્મક પ્રવૃત્તિઓ પક્ષ માટે હાનિકારક સાબિત થશે અને તેને સહન કરવામાં નહીં આવે.

### મહેસાણા જિલ્લામાં ૧૮ પોલીસ ઇન્સ્પેક્ટરોની આંતરિક બદલી

## એસપી હિમાંશુ સોલંકીના આદેશથી ૧૩ લિવ રિઝર્વ અધિકારીઓને નવી જવાબદારીઓ, પાંચ કાર્યરત ઇન્સ્પેક્ટરોની પણ બદલી

**જાહેર હિતને ધ્યાનમાં રાખીને પોલીસ વિભાગમાં મોટાપાયે ફેરફાર**

(ગરવી તાકાત) મહેસાણા તા.૪

મહેસાણા જિલ્લામાં પોલીસ તંત્રમાં મોટાપાયે ફેરફાર કરવામાં આવ્યો છે.

જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી દ્વારા વહીવટી પ્રક્રિયાના ભાગરૂપે અને જાહેર હિતને ધ્યાનમાં રાખીને કુલ ૧૮ પોલીસ ઈન્સ્પેક્ટરોની આંતરિક બદલીના હુકમ કરવામાં આવ્યા છે. આ બદલીઓના કારણે જિલ્લામાં પોલીસ બેડામાં ભારે ચર્ચાઓ ઉદ્ભવી છે.

આ આદેશ મુજબ, કુલ ૧૮ અધિકારીઓમાંથી ૧૩ પોલીસ ઈન્સ્પેક્ટરો, જેઓ અત્યાર સુધી લિવ રિઝર્વમાં હતા, તેમને જિલ્લામાં વિવિધ પોલીસ મથકોમાં નવી નિમણૂક આપવામાં આવી છે. આ સાથે જ અગાઉથી વિવિધ સ્થળોએ



ફરજ બજાવતા ૫ પોલીસ ઈન્સ્પેક્ટરોની પણ તેમની વર્તમાન ફરજ પરથી બદલી કરીને અન્ય સ્થળે નિમણૂક કરવામાં આવી છે.

લાંબા સમય બાદ એકસાથે આટલી મોટી સંખ્યામાં થયેલી બદલીઓને કારણે પોલીસ વિભાગમાં નવી ઉર્જા અને કાર્યક્ષમતામાં વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત બને તેવી આશા સાથે આ ફેરફારો કરવામાં આવ્યા હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

બદલી કરાયેલા તમામ અધિકારીઓને તાત્કાલિક અસરથી તેમના નવા નિયુક્ત પોલીસ મથકોમાં હાજર થવા માટે સૂચના આપવામાં આવી છે.

### ધારિયા અને ગડદાપાટુ વડે હુમલો; બંને પક્ષોની ફરિયાદ બાદ ૮ શખ્સો સામે ગુનો નોંધાયો

## ડભોડા ગામે રસ્તા મુદ્દે તકરાર હિંસક બની : પાડોશીઓ વચ્ચેના ઝઘડામાં બે મહિલાઓ ગંભીર રીતે ઇજાગ્રસ્ત

(ગરવી તાકાત) મહેસાણા તા.૪

ખેરાલુ તાલુકાના ડભોડા ગામની સીમમાં રસ્તા બાબતે થયેલી સામાન્ય બોલાચાલી હિંસક સ્વરૂપ ધારણ કરતા પંથકમાં ચકચાર મચી ગઈ છે. પાડોશીઓ વચ્ચે થયેલી તકરારમાં સમજાવવા ગયેલી મહિલાઓ પર ધારિયા અને ગડદાપાટુ વડે હુમલો કરવામાં આવતા બે મહિલાઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી.

મળતી માહિતી મુજબ, એક પક્ષના સુરેખાબેન વિનુજી ઠાકોરને ડાબા કાનના પાછળના ભાગે ધારિયાનો ઘા વાગતા ગંભીર ઈજા પહોંચી હતી, જ્યારે બીજા પક્ષના



હંસાબેન ફુલાજી ઠાકોરના માથામાં ધારિયાનો ઘા લાગતા તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા. બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે પહેલા ખેરાલુ સિવિલ હોસ્પિટલ અને બાદમાં વધુ સારવાર માટે વડનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં બંનેને ટાંકા લેવા પડ્યા હતા.

ઘટનાની વિગત મુજબ, સુરેખાબેન પોતાના કુટુંબી નિરમાબેન ઠાકોરના ઘરે ચાલી રહેલી બોલાચાલી દરમિયાન સમજાવવા ગયા હતા. તે દરમિયાન સ્નેહાબેન ઠાકોર તથા તેમના પક્ષના ભરતજી ઈશ્વરજી ઠાકોર, અજયજી દશરથજી ઠાકોર અને હંસાબેન ઠાકોરએ મળીને સુરેખાબેન તથા નિરમાબેનને ગડદાપાટુનો માર માર્યો હતો. આ દરમિયાન ભરતજી ઠાકોરે ધારિયાના ઉંધા ભાગ વડે સુરેખાબેનને ઈજા પહોંચાડી હતી.

બીજી તરફ, સ્નેહાબેનના જણાવ્યા મુજબ, નિરમાબેન અને તેમના સમર્થનમાં આવેલા વિનુજી હરીજી, સુર્યાબેન વિનુજી અને શંકરજી વેલાજીએ ઉશ્કેરાઈને ઝઘડો શરૂ કર્યો હતો. આ દરમિયાન શંકરજીએ ધારિયું વડે હંસાબેનના માથામાં ઘા કર્યો હતો.

બંને બનાવોમાં હુમલાખોરોએ જતી વખતે જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની વિગતો પણ સામે આવી છે. આ મામલે બંને પક્ષો દ્વારા ખેરાલુ પોલીસ મથકે સામસામી ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે કુલ આઠ શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સરકારી વકીલ પરેશ દવેની દલીલને માન્ય રાખી કોર્ટે લીધો કડક નિર્ણય

## મહેસાણામાં IELTS પેપર લૂંટ કેસ મામલે આરોપીની નિયમિત જામીન અરજી નામંજૂર

**આર્થિક લાભ મેળવવા માટે કુરિયર ઓફિસમાંથી IELTS પરીક્ષાના પેપર લૂંટવાના ચર્ચિત કેસમાં સેશન્સ કોર્ટે આરોપીની નિયમિત જામીન અરજી ફગાવી દીધી છે.**

(ગરવી તાકાત) મહેસાણા તા.૪

મહેસાણામાં થયેલા **IELTS** પરીક્ષાના પેપર લૂંટ કેસમાં મહત્વપૂર્ણ વળાંક આવ્યો છે. આ કેસમાં જેલમાં બંધ આરોપી રાજવિંદરસિંહ સરસદાર દ્વારા દાખલ કરાયેલ નિયમિત જામીન અરજી સેશન્સ કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવી છે.

આ મામલે સરકારી વકીલ પરેશકુમાર દવે દ્વારા કોર્ટ સમક્ષ દલીલ કરવામાં આવી હતી કે આરોપીએ આર્થિક ફાયદા મેળવવાના હેતુથી સુનિયોજિત રીતે કુરિયર ઓફિસમાંથી પરીક્ષાના પેપર લૂંટ્યા હતા, જે ગંભીર ગુનો ગણાય છે.

કેસની ગંભીરતા અને પ્રાથમિક પુરાવાઓને ધ્યાનમાં રાખીને મહેસાણા સેશન્સ કોર્ટના ન્યાયાધીશ એસ. બી. ભટ્ટે આરોપીની જામીન અરજી ફગાવી દીધી હતી.

આ નિર્ણયને પગલે કેસમાં આગળની કાર્યવાહી વધુ કડક રીતે હાથ ધરવામાં આવશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### પવન સુત હનુમાન મંદિરે ભવ્ય લોકડાયરો અને સંતવાણીનો કાર્યક્રમ યોજાયો

## હનુમાન જન્મોત્સવ નિમિત્તે પ્રસિદ્ધ કલાકારોની હાજરીમાં ધાર્મિક અને સાંસ્કૃતિક મહોત્સવ

(ગરવી તાકાત) મહેસાણા તા.૪

મહેસાણા શહેરના મોઢેરા ચાર રસ્તા સ્થિત પવન સુત હનુમાન મંદિરે હનુમાન જયંતિ નિમિત્તે વિશાળ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભક્તો આધ્યાત્મિક આનંદ સાથે સાંસ્કૃતિક રંગમાં રંગાઈ ગયા હતા.

કાર્યક્રમ અંતર્ગત સવારે મંગળ આરતી અને વિશેષ પૂજન વિધિઓ યોજાઈ હતી. જ્યારે સાંજે ભવ્ય લોકડાયરો અને સંતવાણીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં લોકડાયરામાં જાણીતા કલાકારો દ્વારા ભક્તિગીતો, લોકગીતો અને સંતવાણી રજૂ કરતા જે ભક્તોમાં આધ્યાત્મિક ભાવના પ્રગટ થઈ હતી.

આ આયોજનમાં વિવિધ પ્રતિષ્ઠિત ગાયક કલાકારો પોતાની રજૂઆત આપી હતી, જેના કારણે કાર્યક્રમને વિશેષ આકર્ષણ જમાવ્યું હતું. આયોજકો દ્વારા શહેર અને આસપાસના ભક્તોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



(તસ્વીર : પી.ડી. મહેતા, મહેસાણા)

**આ આયોજનમાં વિવિધ પ્રતિષ્ઠિત ગાયક કલાકારો પોતાની રજૂઆત આપી હતી, જેના કારણે કાર્યક્રમને વિશેષ આકર્ષણ જમાવ્યું હતું.**

આ સમગ્ર કાર્યક્રમ પવન સુત હનુમાન મંદિર પરિસરમાં યોજાયો હતો. જ્યાં ભક્તો માટે સુવિધાઓની પણ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી. હનુમાન જયંતિના પાવન અવસરે આ કાર્યક્રમ ભક્તોને ભક્તિ અને સંસ્કૃતિનો અનોખો અનુભવ કરાવ્યો હતો.




# બંગાળમાં મુસ્લિમ મત વલણો

પશ્ચિમ બંગાળની ચૂંટણીઓનું મુખ્ય વિશ્લેષણ હંમેશા મુસ્લિમ મતો પર કેન્દ્રિત છે. ઘણા વર્ષોથી રાજ્યમાં સત્તા સંભાળી રહેલા મુખ્યમંત્રી મમતા બેનર્જીની સતત જીતમાં મુસ્લિમ મતોને મુખ્ય પરિબળ માનવામાં આવે છે. ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ, બંગાળની વસ્તી આશરે ૯૧.૩ મિલિયન હતી, જેમાંથી મુસ્લિમો આશરે ૨૫ મિલિયન હતા. હાલમાં, બંગાળની કુલ વસ્તી ૧૦૫ મિલિયનથી વધુ થશે, જેમાં મુસ્લિમોની સંખ્યા ૩ કરોડથી વધુ થવાની સંભાવના છે. બંગાળના મુસ્લિમ બહુમતી ધરાવતા જિલ્લાઓમાં મુર્શિદાબાદ (૬૬.૩ ટકા), માલદા (૫૧.૩ ટકા), ઉત્તર દિનાજપુર (૫૦ ટકા), બીરભૂમ (૩૭ ટકા), દક્ષિણ ૨૪ પરગણા (૩૫.૫ ટકા) અને નાદિયા (૨૬.૭ ટકા)નો સમાવેશ થાય છે.

જો ભાજપ છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં જોરદાર લડાઈ છતાં તૃણમૂલ કોંગ્રેસને હરાવવામાં નિષ્ફળ રહ્યું, તો તેનું એક કારણ મુસ્લિમ મતો હતા. મુર્શિદાબાદના બેલડાંગામાં બાબરી મસ્જિદનો શિલાન્યાસ કરનાર તૃણમૂલના ભૂતપૂર્વ નેતા હુમાયુ કબીરે અસદુદ્દીન ઓવૈસીની એઆઇએમઆઇએમ સાથે જોડાણ કર્યું છે અને તેને આઠ બેઠકો આપી છે. હુમાયુ કબીરે ૧૮૨ બેઠકો પર ચૂંટણી લડવાની યોજના જાહેર કરી છે અને ૧૦૦ થી વધુ બેઠકો પર મુસ્લિમ ઉમેદવારો ઉભા રાખશે. છેલ્લી વખતે, ફુરફુરા શરીફના ઇમામે પોતાની પાર્ટી બનાવી અને કોંગ્રેસ અને ડાબેરી મોરચા સાથે જોડાણ કર્યું, પરંતુ તેનો પણ કોઈ પ્રભાવ પડ્યો નહીં, અને મુસ્લિમોએ એકંદરે તૃણમૂલ કોંગ્રેસનો સાથ આપ્યો. મુસ્લિમો ભાજપને હરાવવા માટે મતદાન કરે છે.

પ્રશ્ન એ છે કે આ વખતે મુસ્લિમ મત કઈ તરફ ઝુકાવશે? છેલ્લી વિધાનસભા ચૂંટણીઓના આધારે, મુર્શિદાબાદ, માલદા, ઉત્તર દિનાજપુર, બીરભૂમ અને દક્ષિણ ૨૪ પરગણા જેવા જિલ્લાઓમાં ૮૫ બેઠકો છે, જ્યાં મુસ્લિમ વસ્તી ૩૫ ટકાથી વધુ છે. તૃણમૂલ આ બેઠકોમાંથી ૭૫ બેઠકો ધરાવે છે. તૃણમૂલ મુસ્લિમોની સાથે જેટલી આક્રમક રીતે ઉભી રહે છે, તેટલું જ તેમને પોતાની તરફેણમાં ધ્રુવીકરણ કરે છે. ગયા વર્ષે મુર્શિદાબાદમાં થયેલા ભયાનક હિન્દુ વિરોધી રમખાણોમાં લોકોને ભાગી જવાની ફરજ પડી હતી, ત્યારે કોલકાતામાં ઇમામ અને મૌલવીઓના મેળાવડામાં મમતા બેનર્જી રમખાણો માટે ભાજપ અને આરએસએસને દોષી ઠેરવી રહ્યા હતા. બંગાળમાં સીએએ વિરોધી વિરોધ પ્રદર્શન દરમિયાન પણ વ્યાપક હિંસા થઈ હતી, પરંતુ મમતા સરકારે તોફાનીઓ સામે કડક પગલાં લીધાં ન હતા.

એનઆરસી અને સીએએનો ડર વધારીને, મમતા બેનર્જી મુસ્લિમોને ખાતરી આપવાનું ચાલુ રાખે છે કે તેઓ માને છે કે જો તેઓ સત્તામાં હોય તો જ તેઓ સુરક્ષિત છે. ભાજપનો ડર મુસ્લિમોને પોતાની બાજુમાં રાખવા માટે એક શક્તિશાળી હથિયાર છે. ૨૦૧૧ની ચૂંટણીમાં, મમતા બેનર્જીએ સચ્ચર સમિતિના અહેવાલને લાગુ કરવાનું વચન આપ્યું હતું. બે વર્ષ પછી, તેમણે જાહેરાત કરી કે અહેવાલનો ૯૦ ટકા અમલ થઈ ગયો છે. ભાગ્યે જ કોઈ રાજ્ય સરકારે આટલી ઝડપથી આવું કર્યું છે. મમતા બેનર્જી દરેક ચૂંટણીમાં મુસ્લિમો માટે નવી જાહેરાતો કરે છે. આચારસંહિતા લાગુ થયાના બે દિવસ પહેલા જ તેમણે ઇમામના ભથ્થામાં વધારો કરવાની જાહેરાત કરી હતી. તેઓ મુસ્લિમ વિદ્યાર્થીઓ માટે ખાસ શિષ્યવૃત્તિ યોજના ચલાવે છે. ચૂંટણી પહેલાના વચગાળાના બજેટમાં, તેમની સરકારે લઘુમતી બાબતો માટે ૫,૭૦૦ કરોડ પણ ફાળવ્યા હતા.

મુસ્લિમો માટે સ્પષ્ટ છે કે જો તૃણમૂલ હારી જશે, તો ભાજપ સત્તામાં આવશે. આ સૂચવે છે કે મુસ્લિમ મતો તૃણમૂલ તરફ જશે. જોકે, હુમાયુ કબીરની આમ જનતા ઉન્નય પાર્ટી બંગાળમાં એક નવો પ્રયોગ છે. બાબરી મસ્જિદના શિલાન્યાસ દરમિયાન એકઠી થયેલી વિશાળ ભીડે પણ મજબૂત વાતાવરણ બનાવ્યું. કબીર મુસ્લિમોમાં એક ચહેરા તરીકે ઉભરી રહ્યા છે. તૃણમૂલ કોંગ્રેસે તેના ૨૯૧ ઉમેદવારોમાંથી ૪૭ મુસ્લિમોને મેદાનમાં ઉતાર્યા છે, જે લગભગ ૧૮ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે. ગયા વખતની જેમ, મમતાએ મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારોમાં પણ હિન્દુ ઉમેદવારો ઉભા રાખ્યા છે. હકીકતમાં, મમતાએ ક્યારેય મુસ્લિમોને વધુ ટિકિટ આપી નથી. હુમાયુ કબીર, ઓવૈસી અને અન્ય મુસ્લિમ નેતાઓ આને મુદ્દો બનાવી રહ્યા છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

# દરભંગામાં બે કરોડ રૂપિયાના દાગીના લૂંટાયા; ચાર ગુનેગારોએ ધોળા દિવસે ગુનો કર્યો

દરભંગા,તા.૪

દરભંગાના શહેર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્થિત બડા બજારમાં શુક્રવારે ધોળા દિવસે મોટી લૂંટની ઘટના બની. મોટરસાઈકલ પર આવેલા ચાર ગુનેગારોએ પ્રેમ જ્વેલર્સ નામની દુકાનને નિશાન બનાવીને આશરે ૨ કરોડ રૂપિયાના દાગીના સહિત આશરે ૨૦ લાખ રૂપિયા રોકડા લૂંટી લીધા હતા અને ઘટનાસ્થળેથી ભાગી ગયા હતા. આ ઘટનાથી વિસ્તારમાં અરાજકતા ફેલાઈ ગઈ હતી, જેના કારણે વેપારીઓ ગભરાટમાં મુકાઈ ગયા હતા.

માહિતી મળતાં જ પોલીસ વહીવટીતંત્ર એક્શનમાં આવી ગયું. એસએસપી જગુનાથ રેડ્ડી અને ડીઆઈજી મનોજ તિવારી સહિત વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા અને ઘટનાની તપાસ શરૂ કરી. પોલીસે આસપાસના વિસ્તારને કોર્ડન કરી લીધો છે અને ગુનેગારોની શોધખોળ વધુ તીવ્ર બનાવી છે. ગુનેગારોને ઓળખવા માટે નજીકની દુકાનો અને શેરીઓમાં લગાવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ પણ સ્કેન કરવામાં આવી રહ્યા છે.પ્રાથમિક તપાસ સૂચવે છે કે ગુનેગારોએ પૂર્વ આયોજિત રેકી કરીને ગુનાને અંજામ આપ્યો હતો. પોલીસે દાવો કર્યો છે કે આરોપીઓની ઓળખ કરીને ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે.

# સેલવાસમાં નાઇટ્રોજન ગેસના ગોડાઉનમાં પ્રચંડ વિસ્ફોટથી ચારના મોત, આઠ ઘાયલ

સેલવાસ, તા.૪

સંઘપ્રદેશ દાદરા અને નગર હવેલીના હૃદય સમાન સેલવાસના ડેમ વિસ્તારની નજીકમાં આવેલ નાઈટ્રોજન ગેસના એક ગોડાઉનમાં મધરાતે પ્રચંડ વિસ્ફોટ થતા સમગ્ર પંથક ધ્રૂજી ઉઠ્યો હતો. આ દુર્ઘટનાએ ઉદ્યોગ જગત અને સ્થાનિકોમાં ભારે ખળભળાટ મચાવી દીધો છે.

અત્યંત ચોંકાવનારી વિગત એ છે કે, આ મોતના ગોડાઉન જેવું જોખમી એકમ એક સ્કૂલથી માત્ર ૩૦ મીટરના જ અંતરે જ આવેલું હતું. જો આ બ્લાસ્ટ ચાલુ શૈક્ષણિક કલાકો દરમિયાન થયો હોત, તો કેટલી મોટી જાનહાનિ થઈ હોત તેની કલ્પના માત્રથી કંપારી છૂટી જાય તેમ છે.

ગોડાઉનમાં થયેલો વિસ્ફોટ એટલો ભીષણ હતો કે ત્યાં ફરજ બજાવી રહેલા અને શ્રમ કરી રહેલા



૪ શ્રમિકોના લોહીલુહાણ હાલતમાં ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા હતા.

અને ૮ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ મૃતકોના પરિવારોમાં કાળો કલ્પાંત છવાઈ ગયો હતો.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ દાદરા અને નગર હવેલીના ફાયર ફાઈટરના જવાનો તાબડતોબ કાફલા સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ફાયરની ટીમે સ્થળ પર પહોંચીને આગ પર કાબૂ મેળવવાની સાથે વધુ જાનહાનિ અટકાવવા માટે સઘન તપાસ અને કામગીરી હાથ ધરી છે.દાદરા નગર હવેલીના કલેક્ટર પ્રયાંક કિશોરે આ ઘટના વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, તપાસ ચાલી રહી છે એફએસલ ટીમ આવી રહી છે.

અહીં ગેસ એજન્સી ચાલી રહી હતી. ઓક્સિજન સપ્લાય કરતી હતી. આ ઉપરાંત બીજા પણ વિવિધ ગેસ સપ્લાય કરતી હતી તે કેવા પ્રકારનો ગેસ સપ્લાય કરતી અને આ કેવા ગેસથી બ્લાસ્ટ થયો છે તેની તપાસ ચાલી રહી છે. જ્યાં સુધી સંપૂર્ણ તપાસ ન થાય ત્યાં સુધી અમે વધારે કશું કહી શકીએ તેમ નથી. હાલ ૮ લોકોને હોસ્પિટલ શિફ્ટ કરાયા છે. જો ગોડાઉન ગેરકાયદેસર હશે તો એક્શન લઈશું.

# દિલ્હી સરકારને દારૂ નીતિમાં સુધારા અંગે અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ, વિધાનસભાએ સમયમર્યાદા નક્કી કરી

નવીદિલ્હી,તા.૪

×દિલ્હીમાં દારૂના નિયમન અને પુરવઠા પર ભારતના નિયંત્રક અને ઓડિટર જનરલ (કેગ) ના પ્રદર્શન ઓડિટ અહેવાલ× પર જાહેર ખાતા સમિતિ (પીએસી) ના બીજા અહેવાલને ગૃહ દ્વારા મંજૂરી આપવામાં આવ્યા બાદ, દિલ્હી વિધાનસભા સચિવાલયે સંબંધિત વિભાગોને સમિતિની ભલામણોની વિગતવાર સમીક્ષા કરવાનો નિર્દેશ આપ્યો છે. વધુમાં, ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધીની પરિસ્થિતિના આધારે એક કાર્યવાહી અહેવાલ તૈયાર કરો. આ અહેવાલ ૩૧ જાન્યુઆરી, ૨૦૨૭ સુધીમાં સુપરત કરવાનો રહેશે.

આ સંદર્ભમાં, વિધાનસભા અધ્યક્ષ વિજેન્દ્ર ગુપ્તાએ એક્સાઈઝ સિસ્ટમમાં પ્રણાલીગત ખામીઓ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે જાહેર હિસાબ સમિતિની ભલામણો પર સમયસર અને અસરકારક કાર્યવાહી સુનિશ્ચિત કરવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. દિલ્હી સરકારના એક્સાઈઝ મંત્રી અને મુખ્ય સચિવ (નાણા) ને આ સૂચનાઓની જાણ કરતા પત્રો મોકલવામાં આવ્યા છે. તેમને સમિતિની ભલામણોનો સંપૂર્ણ અને સમયસર પ્રતિભાવ આપવા માટે પણ કહેવામાં આવ્યું છે જેથી વિભાગ સ્તરે




આગળની કાર્યવાહી શરૂ કરી શકાય.

આ નિર્દેશ એક ખૂબ જ મહત્વપૂર્ણ આગામી પ્રક્રિયાની શરૂઆત દર્શાવે છે, જે સ્પષ્ટપણે કારોબારીની જવાબદારી નક્કી કરે છે કે તે ગૃહ દ્વારા નિર્ધારિત સમયમર્યાદામાં સ્વીકારાયેલા તારણોનો જવાબ આપે. આ પહેલનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે જાહેર હિસાબ સમિતિની ભલામણો ફક્ત કાગળ સુધી મર્યાદિત ન રહે, પરંતુ નક્કર કાર્યવાહી અને દૃશ્યમાન પરિણામો સાથે અમલમાં મૂકવામાં આવે.

અધ્યક્ષ વિજેન્દ્ર ગુપ્તાએ જણાવ્યું હતું કે સમિતિના અહેવાલમાં આબકારી વિભાગના નિયમો, લાઈસન્સિંગ, કિંમત નિર્ધારણ, ગુણવત્તા નિરીક્ષણ, કાર્યવાહી અને નીતિ અમલીકરણના પાલનમાં ગંભીર ખામીઓ જોવા મળી છે. આ ખામીઓના પરિણામે આશરે ૨,૦૨૬.૯૧ કરોડનું મહેસૂલ નુકસાન થયું અને જાહેર આરોગ્ય અને વહીવટ પર નકારાત્મક અસર થવાની ધમકી આપવામાં આવી.તેમણે એમ પણ જણાવ્યું હતું કે એક્સાઈઝ સપ્લાય ચેઈન ઈન્ફર્મેશન મેનેજમેન્ટ સિસ્ટમ સિસ્ટમ ×સ્ટોક-ટેક-સોલ્ડ× પદ્ધતિ પર વધુ પડતી નિર્ભરતા અને મોટી સંખ્યામાં બિન-નોંધાયેલ બારકોડને કારણે દારૂના વેચાણને સચોટ રીતે ટ્રેક કરવામાં અસમર્થ હતી. આનાથી આવકમાં નુકસાન થઈ શકે છે. ગુપ્ત માહિતી એકત્રિત કરવા માટે ઈઆઈબી મોડ્યુલનો પણ અસરકારક રીતે ઉપયોગ કરવામાં આવ્યો ન હતો અને તે લગભગ નિષ્ક્રિય રહ્યો.

વિજેન્દ્ર ગુપ્તાએ લાઈસન્સિંગ પ્રક્રિયામાં વ્યાપક ભૂલો તરફ પણ ધ્યાન દોર્યું, જેમાં રેકોર્ડ સબમિટ ન કરવા અને સંબંધિત એકમોને બહુવિધ લાઈસન્સ જારી કરવાનો સમાવેશ થાય છે. વધુમાં, એક્સ-ડિસ્ટિલરી પ્રાઈસ અને એક્સ-બ્રુઅરી પ્રાઈસની વ્યાખ્યા અને નિયમનમાં અસ્પષ્ટતાઓને કારણે લાઈસન્સધારકો માટે વિવેકાધીન ભાવનિર્ધારણ, અન્યાયી નફો અને વધુ પડતો નફો થયો.ચેરમેનએ સમજાવ્યું કે મર્યાદિત સોર્સિંગ નીતિઓ, ખોટા માંગ અંદાજો અને વિભાગો વચ્ચે સંકલનનો અભાવ દારૂની દાણચોરીમાં વધારો તરફ દોરી ગયો. વધુમાં, અમલીકરણ એજન્સીઓ જપ્તી ડેટાનો અસરકારક રીતે ઉપયોગ કરવામાં નિષ્ફળ ગઈ, પરમિટના દુરુપયોગ સામે સમયસર પગલાં લેવામાં આવ્યા ન હતા, અને ઓળખાયેલા સ્થળોએ પણ અસરકારક પગલાં લેવામાં આવ્યા ન હતા. સુધારાના પગલાં પર ભાર મૂકતા ગુપ્તાએ જણાવ્યું હતું કે સમિતિએ ઘણી મહત્વપૂર્ણ ભલામણો કરી છે. આમાં ઈ-એક્સાઈઝ પોર્ટલનો વહેલો અમલ, દારૂના નિરીક્ષણ માટે એક મજબૂત ટ્રેક અને ટ્રેસ સિસ્ટમ બનાવવી, બારકોડ સ્કેનિંગ અને જીઓ-ટેગિંગમાં સુધારો કરવો અને આઈટી સિસ્ટમને મજબૂત બનાવવી શામેલ છે.

# પશ્ચિમ બંગાળ : માલદા વિરોધ કેસમાં મુખ્ય કાવતરાખોરની ધરપકડ, ૩૫ લોકોની ધરપકડ

કોલકતા,તા.૪

પશ્ચિમ બંગાળમાં માલદા કેસ પર સુપ્રીમ કોર્ટની ટિપ્પણી બાદ, ચૂંટણી પંચે એનઆઈએ તપાસનો આદેશ આપ્યો. ચૂંટણી પંચનો આદેશ મળતાં, એનઆઈએએ તેની તપાસ શરૂ કરી.એનઆઈએ ટીમે પ્રારંભિક તપાસ શરૂ કરી છે અને મુખ્ય કાવતરાખોર સહિત ૩૫ લોકોની ધરપકડ કરી છે. એનઆઈએ હવે માલદા હિંસા કેસની તપાસ કરી રહી છે. એક મોટી કાર્યવાહીમાં, બંગાળ પોલીસે આઈએસએફ ઉમેદવાર શાહજહાં અલી સહિત ૩૫ લોકોની ધરપકડ કરી છે. મમતા બેનર્જીએ પણ આ મામલે એક નિવેદન બહાર પાડીને તેને બંગાળને બદનામ કરવાનું કાવતરું ગણાવ્યું છે.

ઉત્તર બંગાળના એડીજી જયરામને કહ્યું, ×અમે લોકોને ઉશ્કેરવાના આરોપસર બાગડોગરા એરપોર્ટ પરથી મોફકરુલ ઈસ્લામની અટકાયત કરી છે. અમે આવી કોઈ પ્રવૃત્તિને મંજૂરી આપતા નથી. અમે ચોક્કસપણે તપાસ કરીશું કે આ પૂર્વયોજિત હતું કે નહીં. આ ઘટના



બાદ, અમે ન્યાયિક અધિકારીઓને સીએપીએફ સુરક્ષા પૂરી પાડી છે. અત્યાર સુધીમાં ૩૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેમણે કહ્યું, ×વકીલ મોફકરુલ ઈસ્લામ મુર્શિદાબાદમાં કાલિયાચોક કેસમાં મુખ્ય કાવતરાખોર છે.× પશ્ચિમ બંગાળ પોલીસે બાગડોગરા એરપોર્ટ પર તેની ધરપકડ કરી જ્યારે તે ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યો હતો.×

તેની ધરપકડ પછી, ઈસ્લામે કહ્યું, ×હું ત્યાં મુસ્લિમ વ્યક્તિઓના વિરોધ પ્રદર્શનને સમર્થન આપવા ગયો હતો જેમના નામ ડી વોટર બનાવવામાં આવ્યા છે અથવા એસઆઈઆર નામથી કાઢી નાખવામાં આવ્યા છે. મેં આ વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો ન હતો. હું કોલકાતાથી અલીપુરદુઆર જઈ રહ્યો હતો, આ વિરોધ પ્રદર્શન પાસેથી પસાર થઈ રહ્યો હતો. મેં ત્યાં ભાષણ આપ્યું. મારા કારણે કોઈ ન્યાયાધીશને રોકવામાં આવ્યો ન હતો. હું રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર મુસાફરી કરી રહ્યો હતો, અને આ ઘટના મોથાબારીમાં બની. તેથી જ મને બાગડોગરા એરપોર્ટ પર ધરપકડ કરવામાં આવી. હું એક કામ માટે જઈ રહ્યો હતો. હું અહીંથી બાગડોગરા પોલીસ સ્ટેશન જઈશ, અને પછી મને કદાચ માલદા લઈ જવામાં આવશે. હું થોડા દિવસો તમારી સાથે નહીં રહું. સ્વસ્થ રહો. અને આ ચૂંટણીમાં તમારું નામ સામેલ કરવા માટે જે પણ જરૂરી હોય તે કરો.×બુધવારે, માલદાના કાલિયાચકમાં સાત ન્યાયિક અધિકારીઓને બંધક બનાવવામાં આવ્યા હતા અને તોફાનીઓએ લગભગ આઠ કલાક સુધી બંધક બનાવ્યા હતા, જેના કારણે સુપ્રીમ કોર્ટને હસ્તક્ષેપ કરવાની ફરજ પડી હતી. સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપ બાદ, કોલકાતા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશે બંગાળના પોલીસ મહાનિર્દેશક સાથે વાત કરી હતી, અને તે પછી જ પોલીસે ત્યાં પહોંચીને બંધકોને બચાવ્યા હતા.

ગઈકાલે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન ભારતના મુખ્ય ન્યાયાધીશે પોતે આ વાતનો ખુલાસો કર્યો હતો. મુખ્ય ન્યાયાધીશે આ ઘટનાને ઈરાદાપૂર્વકનું કાવતરું ગણાવ્યું હતું અને કહ્યું હતું કે બંગાળમાં કાયદો અને વ્યવસ્થા નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે ચૂંટણી પંચ, જો ઈચ્છે તો, સીબીઆઈ અથવા એનઆઈએને આ મામલાની તપાસ કરાવી શકે છે. આ પછી, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે એનઆઈએ તપાસનો આદેશ આપ્યો હતો.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ:** ઘરની બહારની પ્રવૃત્તિઓ પર પણ તમારું ધ્યાન રાખો. તમારી યોગ્યતા અને ધંધાકીય કુશળતાને કારણે લાભની નવી તકો મળી શકે છે. દૈવી સત્તામાં શ્રદ્ધા રાખવાથી તમારી અંદર સકારાત્મક વિચારસરણી પેદા થશે

**વૃષભ :** ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં રસ વધવાથી તમારા વર્તનમાં પણ સકારાત્મક પરિવર્તન આવશે. તમે કોઈપણ શ્રેષ્ઠ નિર્ણય લઈ શકશો. વિદ્યાર્થીઓ અને યુવાનો તેમના અભ્યાસ કે ધ્યેય પ્રત્યે ગંભીર હોઈ શકે છે.

**મિથુન:** તમારી બૌદ્ધિક ક્ષમતાને કારણે તમને કેટલાક સકારાત્મક પરિણામો મળશે, જેનાથી સંબંધીઓ અને પરિવારમાં તમારું સન્માન વધશે. જેમ જેમ તમે શિસ્ત જાળવશો તેમ તેમ કાર્ય પ્રક્રિયામાં પણ સુધારો થશે.

**કર્ક:** આજે તમને તમારા ખાસ કાર્યને પૂર્ણ કરવામાં કોઈ ખાસ મિત્રનો સહયોગ મળશે. આર્થિક સ્થિતિમાં પણ સુધારો થઈ શકે છે. સામાજિક કાર્યોમાં યોગ્ય યોગદાનથી માન-સન્માન પણ વધશે.

**સિંહ:** આજે પરિસ્થિતિ ખૂબ જ સમૃદ્ધ છે. આ સમયે ગ્રહોની સ્થિતિ તમારી મહત્વપૂર્ણ યોજનાઓ શરૂ કરવા માટે ઊર્જા પ્રદાન કરે છે. તમારી ક્ષમતાઓ અને શક્તિનો મહત્તમ ઉપયોગ કરો. બાળકો તરફથી કોઈ સારા સમાચાર મળી શકે છે.

**કન્યા:** થોડા દિવસોથી ચાલી રહેલા કામમાંથી રાહત મેળવવા માટે આરામ અને મનોરંજનમાં સમય પસાર કરો. ઘર અને પરિવાર પ્રત્યે તમારું યોગદાન પણ રહેશે. ઘણી સમસ્યાઓના ઉકેલથી ઘરનું વાતાવરણ પણ સકારાત્મક રહેશે.

**તુલા:** મિત્રો અને મનોરંજન સાથે સારો સમય પસાર થશે. તમે તમારી યોગ્યતા દ્વારા કોઈ મહત્વપૂર્ણ નિર્ણય લેશો જે લાભ આપી શકે છે. સંતાનોની સફળતાથી પરિવારમાં પણ ઉત્સવનું વાતાવરણ રહેશે.

**વૃશ્ચિક:** તમારું કોઈપણ કામ પ્લાનિંગ અને સકારાત્મક વિચારો સાથે કરવાથી તમને નવી દિશા મળશે. આ ઉપરાંત, જો ઘરમાં સુધારણા સંબંધિત કોઈ યોજનાઓ છે, તો વાસ્તુ નિયમો અનુસાર કામ કરવું તમારા માટે ફાયદાકારક હોઈ શકે છે.

**ધન** આ સમયે ગ્રહોની સ્થિતિ તમારા પક્ષમાં સારી બની રહી છે. તેને યોગ્ય રીતે માન આપો. તમે તમારી બુદ્ધિમત્તા દ્વારા ઘર અને વ્યવસાય સંબંધિત સમસ્યાઓનો ઉકેલ લાવી શકશો. વિદ્યાર્થીઓને શિક્ષણ સંબંધી પણ યોગ્ય પરિણામ મળશે.

**મકર:** આ દિવસોમાં તમે તમારી કાર્યશૈલી અને વ્યક્તિત્વ પર વધુ ધ્યાન આપી રહ્યા છો. જેનાથી તમે સકારાત્મક પરિણામ મેળવી શકો છો. નજીકના સંબંધીને ત્યાં ધાર્મિક સમારોહમાં હાજરી આપવાનું આમંત્રણ પણ મળશે.

**કુંભ:** આજે તમે તમારા અને તમારા પરિવાર પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છો. અન્ય લોકોની સલાહ અને ધાર્મિક કાર્યોમાં પણ સારો સમય પસાર થશે. તમારી પ્રતિભા અને યોગ્યતાની પણ પ્રશંસા થશે.

**મીન:** આજે કેટલાક પારિવારિક વિવાદો ઉકેલાઈ જવાથી ઘરમાં આરામ અને શાંતિનું વાતાવરણ રહેશે. તમે તમારી અંગત પ્રવૃત્તિઓ પર પણ ધ્યાન કેન્દ્રિત કરી શકશો.

## ફિલ્મી ગપશપ

### 'ધુરંધર' રણવીર હવે ચંદ્રગુપ્ત મૌર્ય બનશે?

### આદિત્ય ધર સાથે ઐતિહાસિક ફિલ્મમાં જોડાય તેવી ચર્ચા; અભેરાઈએ ચડાવેલી 'અશ્વત્થામા' અંગે પણ હલચલ શરૂ



'ધુરંધર' ફ્રેન્ચાઈઝીની સફળતા પછી, હવે બધાની નજર એ વાત પર છે કે ડિરેક્ટર આદિત્ય ધરનો આગામી પ્રોજેક્ટ કયો હશે. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, આદિત્ય ધર રણવીર સિંહ સાથે પણ એક પ્રોજેક્ટ પર વિચાર કરી રહ્યો છે.

'વેરાયટી ઈન્ડિયા'ના રિપોર્ટમાં સૂત્રોના હવાલાથી જણાવવામાં આવ્યું છે કે, આદિત્ય ધર હાલમાં ત્રણ સ્ક્રિપ્ટ પર વિચાર કરી રહ્યા છે. જેમાં 'ધ ઈમોર્ટલ અશ્વત્થામા', એક ઐતિહાસિક ફિલ્મ અને એક મોટા સ્તરની સ્પોર્ટ્સ ફિલ્મનો સમાવેશ થાય છે. તેમની આગામી ફિલ્મ આમાંથી કોઈ એક હોઈ શકે છે, જ્યાં સુધી કોઈ નવો પ્રોજેક્ટ પ્રાથમિકતામાં ન આવે.

એક સૂત્રનું કહેવું છે કે, 'ધ ઈમોર્ટલ અશ્વત્થામા' આદિત્યનો ડ્રીમ પ્રોજેક્ટ રહ્યો છે. આ ફિલ્મ પર તેણે પહેલા ઘણું કામ કર્યું હતું, પરંતુ વધુ બજેટને કારણે તેને રોકી દેવામાં આવી હતી. હવે તેની સફળતા અને ઈન્ડસ્ટ્રીમાં વધતા વિશ્વાસને કારણે આ પ્રોજેક્ટને ફરીથી શરૂ કરવાની સંભાવના બની રહી છે.

અન્ય એક સૂત્ર મુજબ, આદિત્ય ધર ચંદ્રગુપ્ત મૌર્યના શાસનકાળ પર આધારિત ઐતિહાસિક ફિલ્મ બનાવવામાં પણ રસ ધરાવે છે.

આ પ્રોજેક્ટને લઈને તેની રણવીર સિંહ સાથે ગયા વર્ષથી વાતચીત ચાલી રહી છે. 'ધુરંધર'ની સફળતા પછી બંને ફરીથી આ અંગે ચર્ચા કરી શકે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વિષય હજુ સુધી વધુ શોધાયો નથી અને તેમાં ડ્રામા, એક્શન અને રાજકારણ જેવા ઘણા મજબૂત તત્વો છે. જો 'અશ્વત્થામા' નહીં બને, તો આ પ્રોજેક્ટ આગળ વધી શકે છે.

આ ઉપરાંત, એક સ્પોર્ટ્સ ડ્રામા પણ શરૂઆતી તબક્કામાં છે, જે મોટા પાયે બનાવી શકાય છે. જોકે તેની જાણકારી હજુ સ્પષ્ટ નથી.

સૂત્રો અનુસાર, આદિત્ય ધર 'ધુરંધર ૨' પછી તરત જ નવી ફિલ્મ શરૂ નહીં કરે. ત્રણ વર્ષ સુધી એક જ ફિલ્મ પર કામ કર્યા પછી તે બ્રેક લેશે.

### રાજયમાં હજુ ૨૨ લાખ વાહનો HSRP વિહોણા : ૬૨ લાખમાં PUC મેળવાયુ નથી

# ‘કેગ’ એ શોધી કાઢયું : જુની નંબર પ્લેટ જ નહી ફેન્સી અને નંબર પ્લેટ વગર પણ વાહનો દોડે છે




(ગરવી તાકાત) ગાંધીનગર તા.૩

ગુજરાત સહિત દેશભરમાં તમામ પ્રકારના રજીસ્ટર્ડ વાહનો માટે સરકારે હાઈ સિકયોરિટી રજીસ્ટ્રેશન પ્લેટ- (એચ.એસ.આર.પી.) ફરજીયાત બનાવાયા બાદ પણ હજુ રાજયોમાં તેના પુરો અમલ થયો નથી.

અગાઉનો સરકાર ખાસ કરીને જૂના વાહનોમાં આ પ્રકારે નંબર પ્લેટને એચ.એસ.આર.પી.માં તબદીલ કરવા જે સમય મર્યાદા આપતી હતી અને વધારાની હતી તે પછી પણ તમામ વાહનોમાં આ નંબર પ્લેટ ફીટ થઈ ગઈ છે તે નિશ્રિત થયુ નથી અને હવે સરકાર પણ ભુલી ગઈ છે.જૂની નંબર પ્લેટ, ફેન્સી નંબર પ્લેટ અને નંબર પ્લેટ વગરના પણ લાખો વાહનો રોડ પર ફરી રહ્યા છે છતાં તેની ચિંતા નથી અને લેટેસ્ટ રિપોર્ટ મુજબ રાજયમાં હજું ૨૨ લાખ વાહનો જુની નંબર પ્લેટ સાથે દોડી રહ્યા છે.

આ માહિતી વિધાનસભામાં રજુ થયેલા કેગના ૨૦૨૪/૨૫ના રિપોર્ટમાં આપવામાં આવી હતી. આરટીઓ દ્વારા વાહનો એચએસઆરપી નંબર પ્લેટ સાથે દોડે તેની ચિંતા થતી નથી તો ‘કેગ’ના રિપોર્ટમાં એ પણ જણાવાયું કે ૬૦.૨ લાખ વાહનો પોલ્યુશન અન્ડર કંટ્રોલ સર્ટીફીકેટ (પીયુસીસી) વગર જ દોડે છે.જે માટે પણ માર્ચ ૨૦૨૪ની ડેડલાઈન હતી. લ્કેગ‘ એ રાજય સરકારના પોર્ટલ લ્વાહન‘ પરથી આ ડેટા લીધા છે. રાજયમાં ૨ કરોડથી વધુ વાહનો રજીસ્ટર થયા છે. હવે વાહનની ડીલીવરી સાથે જ એચએસઆરપી નંબર પ્લેટ ડીલરને ત્યાંથી જ મળી જાય તે સરકારે વ્યવસ્થા થઈ છે છતાં વાહનો લાંબા સમય સુધી વાહનો ટેમ્પરરી નંબર સાથે દોડે છે.જો કે એવા પણ કિસ્સા છે કે વાહન માલીકે નવી નંબર પ્લેટ ચડાવી દીધી હોય પણ પોર્ટલમાં તેની નોંધણી જ થઈ હોય નહી. આવુ જ જેને લ્પીયુસી‘ સર્ટીફીકેટ તરીકે ઓળખવામાં આવે છે.

તેઓ પણ ૨૦૨૩માં ૩૯.૧ લાખ વાહનોમાં તે મેળવાયુ ન હતુ અને લાખો વાહનોમાં તેની મુદત પુરી થયા બાદ પણ રીન્યુ થયુ નથી.

# અમદાવાદમાં સેવન્થ ડે સ્કૂલમાં હત્યા કેસમાં સગીર આરોપીને શરતી જામીન




અમદાવાદ,તા.૩

અમદાવાદમાં ચકચાર મચાવનાર સેવન્થ ડે સ્કૂલ હત્યા કેસના સગીર આરોપીના જામીન ગુજરાત હાઈકોર્ટે મંજૂર કર્યા છે. અમદાવાદની નીચલી કોર્ટે અગાઉ જામીન અરજી ફગાવી દીધા બાદ આરોપી પક્ષે હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. જોકે, રાજ્ય સરકાર તરફથી આરોપીને જામીન નહીં આપવા માટે ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી.

સુનાવણી દરમિયાન હાઈકોર્ટે નોંધ્યું હતું કે, કાયદાના સંઘર્ષમાં આવેલો કિશોર એક વિદ્યાર્થી છે, અને કેસ ચાલવામાં હજુ સમય જશે. આ તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને, હાઈકોર્ટે આરોપી કિશોરના પિતા દ્વારા ૧૦ હજાર રૂપિયાના વ્યક્તિગત બોન્ડ રજૂ કરવાની શરતે તેને જામીન પર મુક્ત કરવાનો આદેશ કર્યો છે.

આ સમગ્ર કેસની સુનાવણી હાલ જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ સમક્ષ ચાલી રહી છે, જેમાં ચાર્જશીટમાં દર્શાવેલા કુલ ૫૫ સાક્ષીમાંથી અત્યાર સુધીમાં ૧૭ જેટલા સાક્ષીઓની તપાસ પૂર્ણ થઈ છે.

નોંધનીય છે કે, હત્યાની ઘટના બાદ સ્કૂલ પ્રશાસન દ્વારા આરોપી વિદ્યાર્થીને કાઢી મૂકવામાં આવ્યો હતો.ઉલ્લેખનીય છે કે ગત ૧૯ ઓગસ્ટ, મંગળવારના રોજ ખોખરા વિસ્તારમાં આવેલી સેવન્થ ડે સ્કૂલમાં સામાન્ય બાબતમાં ધોરણ-૧૦ના એક વિદ્યાર્થીએ તેના જ ક્લાસના અન્ય વિદ્યાર્થીને બોક્સ કટર મારી દીધું હતું. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા આ વિદ્યાર્થીનું ૨૦ ઓગસ્ટ, બુધવારે સવારે મણિનગરની એક હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

### સોશ્યલ મીડીયા પર ખોટી માહિતી ફેલાવનારાની ખેર નથી

# બ્રાન્ડને બદનામ કરવા સહિતની બોગસ માહિતી બદલે બે એફઆઈઆર




નવીદિલ્હી તા.૪

FSSAI (ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા) ની ફરિયાદ પર કાર્યવાહી કરતા, દિલ્હી પોલીસે ખોટી અને ગેરમાર્ગે દોરનારી માહિતી ફેલાવવાના આરોપસર કેટલાક એકાઉન્ટ્સ સામે FIR દાખલ કરી છે.

સોશિયલ મીડિયા ઈનફલુએન્સરની તપાસ ચાલી રહી છે. આ FIR ૨૪ માર્ચે IP એસ્ટેટ પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી હતી.

પોલીસે ૧ એપ્રિલે ૮ એકાઉન્ટને નોટિસ જારી કરી હતી. તેણે ચોક્કસ એકાઉન્ટ્સના રજિસ્ટ્રેશન દરમિયાન ઉપયોગમાં લેવાયેલ મોબાઈલ નંબરો, લોગિન અને એક્ટિવિટી સંબંધિત IP લોગ, વપરાયેલ નેટવર્ક પોર્ટ અને રિકવરી ઈમેઈલ ID માંગ્યા હતા.

૮ એકાઉન્ટ હેન્ડલનો ઉપયોગ કરતા કેટલાક લોકોએ ખોરાક અને પીણાં વિશે અપ્રમાણિત હોવાનો દાવો કર્યો હતો. અને ખોટી માહિતી ફેલાવવામાં આવી હતી, દાવા મુજબ ચોક્કસ બ્રાન્ડ અથવા ઉત્પાદનો સ્વાસ્થ્ય માટે જોખમી છે.

આ એકાઉન્ટ્સે FSSAI ને નિયમોનું ઉલ્લંઘન કરતી હોવાનો દાવો કર્યો હતો.આવી ભ્રામક પોસ્ટ્સ લોકોમાં બિનજરૂરી ભય ફેલાવી શકે છે અને બ્રાન્ડની છબીને ખરાબ કરી શકે છે.

પોલીસે FIR દાખલ કર્યા પછી, નિષ્ણાતો કહે છે કે જો આરોપો સાચા હોવાનું જાણવા મળે છે, તો ૮ એકાઉન્ટ યુઝર્સ સામે કાનૂની કાર્યવાહી કરાશે. દિલ્હી પોલીસ દ્વારા માંગવામાં આવેલી માહિતી પર વધુ તપાસ હાથ ધરશે.

૧૦ માર્ચે, કેટલાક ૮ એકાઉન્ટ્સે FSSAI સંબંધિત ગુપ્ત દસ્તાવેજો પોસ્ટ કર્યા હતા. એવો આરોપ છે કે આ દસ્તાવેજો અનધિકૃત રીતે મેળવવામાં આવ્યા હતા. આ પોસ્ટ્સ ઘણા એકાઉન્ટ્સ દ્વારા શેર કરવામાં આવી હતી. FIR કરાવનું મુખ્ય કારણ ગુપ્ત દસ્તાવેજોના કથિત રીતે લીક કરવાનુ છે. કેટલીક પોસ્ટ્સમાં FSSAI અધિકારીઓ પર સીધો આરોપ મૂકવામાં આવ્યો હતો.

### મેડિકલ સ્ટોર્સમાં હવે CCTV કેમેરા ફરજિયાત : દવાઓના દુરુપયોગ પર સરકારની ‘બાજ નજર’

# રિયલ - ટાઇમ મોનિટરિંગ માટે કેન્દ્રિય દવા પોર્ટલ અને મોબાઇલ એપ (MIS) લોન્ચ કરવામાં આવશે

અમદાવા, તા.૪

દેશમાં દવાઓના છૂટક વેચાણ પર નિયંત્રણ લાવવા માટે મહત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે. ડ્રગ કન્સલ્ટેટિવ કમિટી (DCC) એ મેડિકલ સ્ટોર્સમાં CCTV કેમેરા લગાવવાનું ફરજિયાત બનાવવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. આ નિર્ણયથી દવાઓના દુરુપયોગ અને અનિયમિત વેચાણ પર નિયંત્રણ લાવવા સરકારનો પ્રયાસ વધુ મજબૂત બનશે.કમિટીએ સ્પષ્ટ કર્યું છે કે, કેમેરા સ્ટોરની અંદર એવી જગ્યાએ લગાવવા જોઈએ જ્યાં દવાઓની ખરીદી અને વેચાણની દરેક પ્રવૃત્તિ સ્પષ્ટપણે દેખાય. અત્યાર સુધી કેમેરા ખોટી જગ્યાએ લગાવવામાં આવતા હોવાથી દેખરેખમાં ખામીઓ રહેતી હતી, જેને દૂર કરવાનો આ પ્રયાસ છે.

જો આ નિર્ણય અમલમાં મુકાય છે, તો દવાના વેચાણ પર સરકારી દેખરેખમાં નોંધપાત્ર વધારો થશે. આથી ગેરકાયદેસર દવાઓનું વેચાણ, બિનપ્રિસ્ક્રિપ્શન દવાઓનો ઉપયોગ અને દુરુપયોગ જેવી સમસ્યાઓને રોકવામાં મદદ મળશે.તાજેતરની બેઠકમાં DCC એ મોબાઈલ એપ આધારિત માહિતી પ્રણાલી (MIS) અથવા કેન્દ્રિય દવા પોર્ટલ બનાવવા માટે પણ મંજૂરી આપી છે.

### ધાર્મિક માલવિયાની ભાજપ માંથી તો, પત્નિની ‘આપ’માં દાવેદારી : ધીરૂભાઈ સરવૈયાનાં દિકરાએ પણ માંગી ટિકીટ

# સુરતમાં દેરાણી - જેઠાણી લાજ કાઢી ચૂંટણીની ટિકીટ માંગવા આવ્યા!

સુરત,તા.૩

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું બ્યૂગલ ફૂંકાઈ ચૂક્યું છે. ૨૬ એપ્રિલે એક જ તબક્કામાં ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતની ૧૦,૦૦૫ બેઠકોની ચૂંટણી યોજાવાની છે, ત્યારે ભાજપ સહિતના પક્ષોએ ઊમેદવારોની પસંદગી પ્રક્રિયા શરૂ કરી છે.

આજે અમદાવાદમાં ભાજપની સેન્સ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. શાહીબાગમાં ખાડિયા વોર્ડની સેન્સ પ્રક્રિયામાં મોટી સંખ્યામાં દાવેદારો ઉમટ્યા છે.

જેમાં પૂર્વ MLA ભૂષણ ભટ્ટના પુત્ર જૈવલ ભટ્ટ અને ખાડિયા વોર્ડમાંથી ચૂંટણી લડી ચૂકેલા પૂર્વ કોર્પોરેટર મયુર દવેના પુત્ર શાલીન દવેએ પણ દાવેદારી નોંધાવી છે.

રાજકોટ જિલ્લા પંચાયતની લોધિકા બેઠક પર હાસ્ય કલાકાર ધીરુ સરવૈયાના પુત્ર દિલીપ સરવૈયાએ ભાજપમાંથી દાવેદારી નોંધાવી છે. ધીરુ સરવૈયા પણ ભાજપના સભ્ય છે. તો સુરતમાં લાજ કાઢી દેરાણી-જેઠાણી ટિકિટ માંગવા આવ્યા છે.

આગામી ચૂંટણીમાં અનેક નવા ચહેરાઓને તક મળશે ઉલ્લેખનીય છે કે, ૨ એપ્રિલના રોજ ગાંધીનગરમાં ભાજપની સેન્ટ્રલ ઈલેકશન કમિટી (CEC)ની બેઠક મળી હતી. જેમાં આગામી ચૂંટણીમાં ૬૦ વર્ષથી ઉપરના અને ૩ ટર્મ લડી ચૂકેલા કોર્પોરેટરોને રિપિટ નહીં કરવા પાર્ટીએ મન બનાવી લીધું હોવાનું જાણવા મળ્યું હતું. એટલે કે આગામી ચૂંટણીમાં અનેક નવા ચહેરાઓને તક મળશે.

# જગતને આપણે કદી બદલી નહીં શકીએ..!સુખી થવું હોય તો જાતે બદલાઈ જઈએ..!!



યશપાલસિંહ ટી.વાઘેલા

દરબાર ગઢ થરા




આજે તા,૧૯-૩-૨૬ ગુરુવારથી ચૈત્રી નવરાત્રિનો શુભારંભ : ઘટ સ્થાપન મુહૂર્ત : ગુરુવાર સવારે ૭-૦૦ થી ૮-૦૦ની વચ્ચે શુભ ચોઘડિયું હોવાથી તેમાં કરવું ઉત્તમ નવરાત્રિનું વ્રત કઈ રીતે કરવું..?નવરાત્રિ દરમિયાન નવ દિવસ શક્ય હોય તો કેવળ જળ પાન કરીને વ્રત કરી શકાય. નવ દિવસ માત્ર દૂધનું સેવન કરીને પણ વ્રત કરી શકાય.

નવ દિવસ ફળાહાર એટલે માત્ર ફળનું સેવન કરીને પણ વ્રત કરી શકાય. અને નવ દિવસ એક ટાઈમ ફળાહાર અને એક ટાઈમ ભોજન કરીને પણ વ્રત કરી શકાય.નવ દિવસ માતાજીનું નામ સ્મરણ,ચંડીપાઠ, હોમ હવન,માતાજી ની રાજોપચાર પૂજા,કુમારિકા પૂજન વગેરે શક્ય હોય તે કરવું જોઈએ.

નવરાત્રિનું વ્રત કે નવરાત્રિ દરમિયાન કોઈ ધાર્મિક કાર્ય કરી એ તો શું દર વર્ષે કરવું જ પડે? જવાબ છે.(ના) નવરાત્રિનું વ્રત કે નવરાત્રિ દરમિયાન કોઈ ધાર્મિક કાર્ય કરવામાં આવે તો દર વર્ષે કરવું જ પડે એવું ક્યાંય શાસ્ત્ર કે ગ્રંથમાં લખેલું નથી,શક્ય હોય તો કરવું જ જોઈએ પણ કદાચ ના થાય તો કોઈપણ પ્રકારનોદોષ નથી,હા કોઈ એવો સંકલ્પ કર્યો હોય કે હું દર વર્ષે નવરાત્રિમાં આ ધાર્મિક કાર્ય કરીશ તો કરવું જોઈએ.આજે આપણે ચિંતનાત્મક લેખમાં જોઈએ તો એક ગામ હતું,અને ત્યાં જતા રસ્તામાં ખૂબ જ ગાઢ જંગલ આવતું હતું. જંગલની ગીચતાને કારણે,તેમાં વિવિધ પ્રકારના પ્રાણીઓ અને પક્ષીઓના રહેઠાણ હતા.ત્યાં એક સિંહ પણ રહેતો હતો.ક્યારેક ક્યારેક સિંહ ગામમાં ભટકાઈ જતો અને વિનાશ કરતો.પરિણામે,ગામ લોકોએ જંગલના રસ્તે એક પાંજરું મૂક્યું.રાત પડી ગઈ,અને બધા પોતપોતાના ઘરોમાં પાછા ફર્યા. તે જ સમયે,સિંહ તે જ રસ્તે ગામ તરફ આગળ વધી રહ્યો હતો.રસ્તામાં ગોઠવાયેલા પાંજરામાં તેનો પંજો ફસાઈ ગયો,અને તેના વિશાળ કદને કારણે,સિંહ અંદર ફસાઈ ગયો. તે પાંજરામાં ફસાવવાથી હતાશ થઈ ગયો.તેના સખત પ્રયાસો છતાં,તે છટકી શક્યો નહીં.સિંહ આખી રાત પાંજરામાં કેદ રહ્યો.

સવાર પડી,અને થોડાસમયપછી ગામનો એક માણસ તે જ રસ્તે થી પસાર થઈ રહ્યો હતો. અચાનક,સિંહે બૂમ પાડી,×અરે, ભાઈ!અરે,ભાઈ!×પાંજરામાં સિંહને જોઈને,માણસ ગભરાઈ ગયો.સિંહ ખૂબ ભૂખ્યો હતો.

સિંહે તે માણસને કહ્યું,×કૃપા કરી ને મને મદદ કરો.હું તરસથી અધમુઓ થઈ ગયો છું;તમે મને થોડું પાણી આપી શકો છો?×

માણસે જવાબ આપ્યો,×ના! બિલકુલ નહીં!હું તને મદદ કરી શકતો નથી.તું એક માંસાહારી પ્રાણી છે-જો તું મને તારો શિકાર બનાવી દે તો શું?× સિંહે જવાબ આપ્યો, ×ના...×

સિંહની લાચારી જોઈને,તે માણસને તેના પર દયા આવી; તેણે નજીકના તળાવમાંથી પાણી લાવ્યો અને સિંહને પાણી પીવડાવ્યું.સિંહની તરસ સંતોષાતા પછી, સિંહે ફરીથી માણસને કહ્યું: ×મારી તરસ છીપાઈ ગઈ છે, પણ હું આખી રાત ભૂખ્યો રહ્યો છું; કૃપા કરીને મને ખાવા માટે કંઈક આપો.× તે માણસ સિંહ માટે ભોજનની વ્યવસ્થા કરવા લાગ્યો અને ક્યાંકથી તેના માટે ખોરાક મેળવવામાં સફળ રહ્યો. સિંહે તે પણ ખાધું.

સિંહે ફરીથી બૂમ પાડી: ×ઓહ, દયાળુ માનવ! હું આ પાંજરામાં ખૂબ જ ફસાયેલો છું. કૃપા કરીને મને આ પાંજરામાંથી મુક્ત કરો.× માણસે જવાબ આપ્યો, ×ના! બિલકુલ નહીં! હું તમને વધુ મદદ કરી શકતો નથી. તું એક માંસાહારી પ્રાણી છે. જે ક્ષણે તું આ પાંજરામાંથી બહાર નીકળશે, તે ક્ષણે તું તારા સાચા સ્વભાવમાં પાછો આવીશ.×

સિંહે વિનંતી કરી, ×હું તને કોઈ નુકસાન નહીં કરું. અને તારા પરિવારને કોઈ નુકસાન નહીં પહોંચાડું.×

તેના શબ્દ પર વિશ્વાસ કરીને, માણસે પાંજરાનો દરવાજો ખોલ્યો, અને સિંહ બહાર નીકળી ગયો. બહાર આવતાં, સિંહે પહેલા રાહતનો શ્વાસ લીધો, પછી કહ્યું, ×મારી ભૂખ હજુ પણ શાંત નથી, અને - જુઓ - મારું ભોજન મારી સામે જ ઊભું છે! મારે બીજે ક્યાંય ખોરાક શોધવા જવાની જરૂર નથી. હવે હું તને એક ક્ષણમાં મારો શિકાર બનાવીશ.×

આ સાંભળીને, તે માણસ ભયથી ધ્રૂજવા લાગ્યો અને બોલ્યો, ×તું તારી વાત પાછી ખેંચી શકતો નથી. તું પહેલા સ્પષ્ટપણે વચન આપતો હતો કે તું મને ખાશે નહીં કે મારા પરિવારને નુકસાન પહોંચાડશે નહીં; તો પછી, હવે તું આ રીતે કેમ વર્તી રહ્યો છે?×

સિંહે જવાબ આપ્યો, ×એ મારો સ્વભાવ છે.મને ખૂબ ભૂખ લાગી છે, અને આ ક્ષણે, બીજું કંઈ મહત્વનું નથી.× સંયોગથી, નજીકના ઝાડ પર બેઠેલો એક વાંદરો આ આખી વાતચીત જોઈ રહ્યો હતો.સિંહ અને માણસ વચ્ચેની દલીલ ચાલુ રહી ત્યારે,વાંદરાએ અચાનક અવાજ ઉઠાવ્યો, ×શું ચાલી રહ્યું છે? આ બધી દલીલ શા માટે છે?× માણસે વાંદરાને આખી વાર્તા કહી. વાંદરાએ જવાબ આપ્યો, ×ઓહ! તો પરિસ્થિતિ એવી છે.જોકે, એક વાત હું સમજી શકતો નથી: તારા જેવો વિશાળ સિંહ આટલા નાના પાંજરામાં કેવી રીતે સમાઈ શકે? ના! ના! તે અશક્ય છે!×

પોતાના ગૌરવનું અપમાન સહન ન કરી શકતા,સિંહે જવાબ આપ્યો ×માણસ સાચું કહી રહ્યો છે; હું ખરેખર આખી રાત આ પાંજરામાં ફસાયેલો હતો.× વાંદરાએ તેને પડકાર ફેંક્યો, ×અને હું એ કેવી રીતે માનું?×

સિંહે કહ્યું, ×હું હમણાં જ તને સાબિત કરીશ-પાંજરામાં પાછો ફરીને.×આ શબ્દો સાથે, સિંહ પાંજરામાં પાછો પ્રવેશ્યો; દરવાજો તરત જ તેની પાછળ બંધ થઈ ગયો, અને પછી સિંહે કહ્યું, ×જુઓ, હું...×

તે માણસે કહ્યું, ×ના!ના! હું તને મદદ કરી શકતો નથી.તું માંસા હારી પ્રાણી છે; જો તું મને તારો શિકાર બનાવશે તો શું થશે?× સિંહે જવાબ આપ્યો,×ના,ભાઈ! હું ક્યારેય આવું નહીં કરું.×

સિંહની લાચારી જોઈને,માણસ ને તેના પર દયા આવી;તેણે નજીકના તળાવમાંથી પાણી લાવ્યું અને સિંહને પીવડાવ્યું. તેની તરસ છીપાવ્યા પછી,સિંહે ફરી એકવાર તે માણસને કહ્યું:×મારી તરસ છીપાવી દીધી છે, પણ હું આખી રાત ભૂખ્યો રહ્યો છું - મને કંઈક ખાવાની જરૂર છે.×ગોપીઓને દૂરદર્શન અને દૂર શ્રવણએ બે સિદ્ધિઓ પ્રાપ્તથઈ હતી.એટલે ગોપીઓ ઘરમાં રહી શ્રીકૃષ્ણની વેણુ સાંભળે છેઅને શ્રીકૃષ્ણની લીલા પણ જોઈ શકે છે.

વેણુના નાદ વિશે ગોપીઓ અંદરોદર વાતો કરે છે એને વેણુ ગીત કહે છે.ભક્તિભાવની પરા કાષ્ઠાનું આ ગીત વિશ્વમાં અજોડ છે. ગોપીઓ અંદરોદર વાતો કરે છેકે હે સખી,આંખો વાળાના જીવનની અને આંખોની સફળતા શું?જયારે શ્યામસુંદર શ્રીકૃષ્ણ અને ગૌરસુંદર બલરામ ગોપ બાળકો ની સાથે ગાયોને હાંકી વનમાં લઈ જતા હોય કે,વનમાં આવતા હોય અને શ્રીકૃષ્ણે પોતાના હોઠ પર મુરલી ધારણ કરી હોય અને પ્રેમથી વાંકી નજર કરી આપણી સામે જોતા હોય,એ નેત્રોની સફળતા છે.બાકી બધું ધૂળ!

આવા શ્રીકૃષ્ણનાં જેણે દર્શન કર્યાં છે તેઓને જ આંખનું ફળ પ્રાપ્ત થયું છે, તે સિવાય નેત્રોનું ફળ બીજું કાંઈ ન હોઈ શકે!હે સખી! કનૈયો વાંસળી વગાડે છે. તું સાંભળ. આ વાંસળી નથી. એ શ્રીકૃષ્ણની પટરાણી છે.અલી સખી, તને શું કહું?મેં સાંભળ્યું છેકે,જ્યારે શ્રીકૃષ્ણ જમવા બેસે ત્યારે પણ વાંસળી કેડમાં ખોસી રાખે છે.રાત્રે શ્રી કૃષ્ણ સૂએ છે, ત્યારે પણ પથારીમાં વાંસળીને સાથે રાખીને સૂએ છે.આ વાંસળી એમની પટરાણી છે.

પ્રભુનો અધરઓષ્ઠએ વાંસળી નો તકિયો છે.હાથએ ગાદી છે. આંખો તે દાસીઓ છે. પાંપણો તે પાંખો છે.નાકની વાળી તે છત્ર છે. આ વાંસળી પરમાત્મા સાથે પરણી છે,તેથી તેને પરમાત્માનો નિત્ય સંયોગ પ્રાપ્ત થયો છે.આ વાંસળીએ જાણે પૂર્વજન્મમાં એવી તે શું તપશ્ચર્યા કરી છે કે, આ જન્મે તે શ્રીકૃષ્ણના અધરામૃતનું નિત્ય પાન કરે છે.એક ગોપીએ વાંસળીનેજ પૂછીનાખ્યું હૈં અલી,તેં આવું શું પુણ્ય કર્યું કે ભગવાને તને અપનાવી?

વાંસળી કહે, મેં બહુ તપશ્ચર્યા કરી છે!મારું હૈયું પોલું છે.હું પેટ માં કંઈ જ રાખતી નથી! વાંસળી પેટમાં કંઈ રાખતી નથી, તેથી તે ભગવાન શ્રીકૃષ્ણની પ્રિય બની છે માટે વેરઝેરનો હૃદયમાં સંગ્રહ કરશો નહીં. જે વાંસળી જેવા બને છે તે ભગવાનને ગમે છે. વાંસળી કહે છે,મારામાં એક- બે નહીં, ઘણા ગુણો છે.મેં ઘણું સહન કર્યું છે.મારા ઉપર છ ઋતુ ઓના માર પડ્યા છે. લોકો એ મને કોતરી પણ હું બોલી નહીં.

વાંસળી કહે છે, મારા ધણીને જે બોલાવવું હોય તે હું બોલું છું. મારા ધણીને જે સૂર કાઢવો હોય તે કાઢે. મારા પોતાના સૂર જેવું મેં કંઈ રાખ્યું જ નથી અને ધણીના સૂરને હું મારા સૂર તરીકે પ્રગટ કરું છું. વળી ધણીની આજ્ઞા કે ઈચ્છા વિના હું કદી બોલતી નથી. તેથી હું બોલું છું ત્યારે સાંભળનારો ડોલે છે, નાગ પણ ડોલે છેઅને કસ્તૂરીમૃગપણ ડોલે છે.નાગ દુર્જન,કસ્તૂરી મૃગ સજ્જન,સજ્જન-દુર્જનને બેઉ ને આનંદ થાય તેવું મધુર હું બોલું છું.

વાંસળીએ ખૂબ સહન કર્યું છે એટલે ભગવાનની સન્મુખ થઈ છે એટલે સમજીને જે દુઃખ સહન કરે તેનું પાપ બળે છે. નિશ્ચય કરો કે,મારે મધુર બોલવું છે. કોઈનું દિલ દુભાય તેવું બોલશો જ નહીં, કારણ કે લાકડીનો માર ભૂલાય છે પણ શબ્દનો માર ભૂલાતો નથી.

વાંસળીમાં એક એવો ગુણ છે કે, તે જ્યારે એકલી હોય,ત્યારે બોલતી નથી.તમે ઈશ્વરનું ધ્યાન કરો ત્યારે બોલશો નહીં.જીભથી ન બોલે,પણ મનથી ઘણા બોલે છે.મનથી ન બોલે તે ઉત્તમ મૌન.

વાચક ચાહક મિત્રો સૌને ચૈત્રી નવરાત્રિની શુભકામના સાથે આજના લેખની શરૂઆતમાં જે કાંઈ જોયું તેનો સાર ફક્ત એવા લોકો પર જ વિશ્વાસ રાખો જે ખરેખર તેના લાયક હોય. ઘણા લોકો ફક્ત પ્રમાણિકતાનો ઢોંગ કરે છે, અને અન્ય લોકો તેમના પર નજર નાખતા જ વિશ્વાસ કરી લે છે.આવા કપટી વ્યક્તિ ઓથી દૂર રહેવું શ્રેષ્ઠ છે.અસ્તુ.

### ટિકિટ ઇચ્છુક ઉમેદવારોની ભીડ વચ્ચે કોંગ્રેસે સેન્સ પ્રક્રિયા શરૂ કરી; પક્ષ આદેશના પાલન માટે બાંહેધરી ફરજિયાત

# સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી પૂર્વે બનાસકાંઠામાં રાજકીય ગરમાવો: કોંગ્રેસે ઉમેદવારો પાસેથી બાંહેધરી પત્રક ભરાવ્યાં

**૨૬ એપ્રિલે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્વે બનાસકાંઠા જિલ્લામાં રાજકીય ચહલપહલ તેજ બની છે, ત્યારે કોંગ્રેસ દ્વારા પક્ષપલટો અટકાવવા કડક પગલાં લેવાયા છે**









(ગરવી તાકાત) પાલનપુર તા.૪

રાજ્ય સહિત બનાસકાંઠા જિલ્લામાં આવનારી ૨૬ એપ્રિલે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીઓ યોજાનાર છે. ચૂંટણી જાહેર થતાં જ જિલ્લામાં રાજકીય માહોલ ગરમાયો છે અને વિવિધ પક્ષોએ જીત મેળવવા માટે તૈયારીઓ તેજ કરી દીધી છે.

કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પસંદગી માટે તાલુકા અને જિલ્લા મથકોએ 'સેન્સ' પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. પાલનપુર ખાતે આવેલા જિલ્લા કોંગ્રેસ કાર્યાલયમાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની બેઠકો માટે આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં ટિકિટ ઈચ્છુક ઉમેદવારો હાજર રહ્યા હતા. પ્રદેશ કોંગ્રેસના નિરીક્ષકોએ ઉમેદવારોને સાંભળીને તેમના સેન્સ નોંધ્યા હતા.

કોંગ્રેસ આગેવાન અને પાલનપુર તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સેંજીભાઈએ જણાવ્યું હતું કે, જિલ્લા પંચાયતના ચંડીસર, ચડોતર, ગઢ અને મડાણા ગઢ વિસ્તાર માટે હાલ સેન્સ પ્રક્રિયા ચાલી રહી છે. પાલનપુર તાલુકાની ૩૪ તાલુકા પંચાયત અને ૩૮ જિલ્લા પંચાયત બેઠકો માટે સેન્સ લેવામાં આવશે.

ટિકિટ મેળવવા માટે ઉમેદવારોની ભારે ભીડ જોવા મળી રહી છે. એક તાલુકા પંચાયત બેઠક માટે પાંચથી છ જેટલા સંભવિત ઉમેદવારો આગળ આવ્યા છે, જ્યારે જિલ્લા પંચાયત માટે પણ સમાન સ્થિતિ છે.

કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પસંદગી માટે ખાસ માપદંડો નક્કી કરવામાં આવ્યા છે, જેમાં પક્ષની વિચારધારા પ્રત્યે વફાદાર, સક્રિય, અભ્યાસુ અને પક્ષપલટો ન કરનાર ઉમેદવારને પ્રાથમિકતા આપવામાં આવશે.

વધુમાં કોંગ્રેસે આ વખતે અનોખું પગલું લઈ ઉમેદવારો પાસેથી 'બાંહેધરી પત્રક' ભરાવવાનું નક્કી કર્યું છે. આ પત્રક દ્વારા ઉમેદવાર પક્ષના વ્હીપ અને આદેશનું ચુસ્તપણે પાલન કરશે તેવી ખાતરી લેવામાં આવી રહી છે.

જો ભવિષ્યમાં કોઈ ઉમેદવાર પક્ષપલટો કરશે તો તેના વિરુદ્ધ પક્ષપલટા વિરોધી ધારા હેઠળ ગાંધીનગર કોર્ટમાં કાર્યવાહી કરીને તેનું સભ્યપદ રદ કરાવવા પગલાં લેવાશે તેવી પણ ચેતવણી આપવામાં આવી છે.

## હિંમતનગર માર્કેટયાર્ડમાં ૩ દિવસમાં તમાકુની ૮૬૯૯ બોરી આવક : ખેડૂતોને રૂ. ૧૨૮૫થી ૨૧૦૦ સુધીના ભાવ મળ્યા



(ગરવી તાકાત) હિંમતાનગર તા.૪

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર કોટન માર્કેટયાર્ડમાં તમાકુની ખરીદી શરૂ થઈ ગઈ છે. ૨ એપ્રિલથી શરૂ થયેલી ખરીદીના પ્રથમ ત્રણ દિવસમાં કુલ ૮૬૯૯ બોરી તમાકુની આવક નોંધાઈ છે.

સાબરકાંઠા જિલ્લામાં ૧૨,૦૦૦ થી વધુ હેક્ટરમાં તમાકુનું વાવેતર થયું છે. પાક તૈયાર થતાં, ખેડૂતો પોતાનો પાક વેચવા માટે હિંમતનગરના કોટન માર્કેટયાર્ડમાં આવી રહ્યા છે.

ખરીદીના પહેલા દિવસે, ૮૫૩ બોરી તમાકુની આવક થઈ હતી, જેના ભાવ રૂ. ૧૩૦૦ થી રૂ. ૧૮૬૫ પ્રતિ બોરી રહ્યા હતા. બીજા દિવસે ભાવમાં વધારો જોવા મળ્યો હતો, જેમાં રૂ. ૧૩૦૦ થી રૂ. ૨૧૦૦ સુધીના ભાવ બોલાયા હતા અને ૨૪૧૮ બોરી તમાકુની આવક થઈ હતી.

ત્રીજા દિવસે, તમાકુના ભાવ રૂ. ૧૨૮૫ થી રૂ. ૨૦૫૫ સુધી રહ્યા હતા અને ૫૪૨૮ બોરી તમાકુની આવક નોંધાઈ હતી. આમ, કુલ ત્રણ દિવસમાં ૮૬૯૯ બોરી તમાકુની આવક થઈ છે.માર્કેટયાર્ડમાં વધતી આવકને ધ્યાનમાં રાખીને, વેપારીઓ દ્વારા ખરીદી પ્રક્રિયા ઝડપી બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ખેડૂતોને યોગ્ય ભાવ મળી રહે અને કોઈ મુશ્કેલી ન પડે તે માટે કોટન માર્કેટયાર્ડ દ્વારા વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે.

### સ્વામી સદાનંદ સરસ્વતીજીની હાજરીમાં સંસ્કાર અને શિક્ષણના સમન્વયને મળ્યો નવો વેગ

## ઈડર તાલુકાના મુડેટી ગામે વૈદિક પરંપરાનું નવુ પ્રેરણાસ્થાન : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વૈદિક ગુરુકુળ સંકુલનું લોકાર્પણ







(ગરવી તાકાત) ઈડર તા.૪

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના મુડેટી ગામે ભગવાન યાજ્ઞવલ્ક્ય વેદ તત્વજ્ઞાન યોગ આશ્રમ દ્વારા નિર્મિત વૈદિક ગુરુકુળ સંકુલનું ભવ્ય લોકાર્પણ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શારદાપીઠાધીશ્વર જગદગુરુ શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજી મહારાજ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. નોંધનીય છે કે આ સંકુલનું ખાતમુહૂર્ત બે વર્ષ પહેલાં શંકરાચાર્યજીની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે આ મહાવિદ્યાલયનું લોકાર્પણ માત્ર એક સંસ્થાનો પ્રારંભ નથી, પરંતુ ભારતની વૈદિક પરંપરા અને જ્ઞાનગંગાને નવી દિશા આપતું પવિત્ર 'ચેતના કેન્દ્ર' છે. તેમણે જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ યુવાનોને ભારતીય સંસ્કૃતિના મૂળભૂત તત્વો સાથે જોડે છે અને આ સંકુલ 'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્રને સાકાર કરશે.

મુખ્યમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે અહીંથી મળતું જ્ઞાન વિદ્યાર્થીઓને રાષ્ટ્ર નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા પ્રેરિત કરશે.

તેમણે સંસ્કૃત ભાષાને વેદ અને ઉપનિષદોનો મૂળ આધાર ગણાવ્યો અને જણાવ્યું કે તેના વિના ભારતીય ઈતિહાસને સમજવો મુશ્કેલ છે. તેમણે સરકાર દ્વારા સંસ્કૃતના જતન માટે લેવામાં આવતા પ્રયાસોની પણ માહિતી આપી.

આ પ્રસંગે આશીર્વચન આપતા શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજીએ જણાવ્યું કે સંસ્કૃત માત્ર ભાષા નથી, પરંતુ ઋષિ-મુનિઓના જ્ઞાન, સંસ્કાર અને આધ્યાત્મિક વારસાનું જીવંત પ્રતિબિંબ છે. તેમણે ઉમેર્યું કે શિક્ષણ અને સંસ્કારના સમન્વયથી નવી પેઢી વૈદિક જ્ઞાનથી સમૃદ્ધ બની ભારતીય સંસ્કૃતિનો પ્રસાર કરશે.

શંકરાચાર્યજીએ અનેકતામાં એકતાનો સંદેશ આપતા ગુજરાત સરકાર દ્વારા પાઠ્યપુસ્તકોમાં શ્રીમદ્ ભગવદ્ ગીતાના સમાવેશને આવકાર્યો હતો. સાથે જ તેમણે ગૌમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરવાની જરૂરિયાત અંગે પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

આ કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટી ઉદય માહૂરકર સહિતના ટ્રસ્ટીઓ, સાંસદ શોભનાબેન બારૈયા, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ, મહામંત્રી પ્રેમલ દેસાઈ તેમજ મોટી સંખ્યામાં આમંત્રિતો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### અંબાજી મંદિરમાં ૧૨૦૦ કન્યાઓનું પૂજન કરાયું

## તલોદના વૈષ્ણોદેવી ગ્રુપે આયોજન કર્યું, બાળાઓએ ગરબા રમ્યા



(ગરવી તાકાત) ઈડર તા.૪

ચૈત્રી નવરાત્રી અને પૂનમ પૂર્ણ થયા બાદ બનાસકાંઠાના અંબાજી મંદિરમાં ૧૨૦૦ કન્યાઓનું પૂજન કરવામાં આવ્યું. આ ધાર્મિક કાર્યક્રમનું આયોજન તલોદના વૈષ્ણોદેવી ગ્રુપ દ્વારા કરવામાં આવ્યું હતું.

અંબાજી આસપાસની ૧૧ શાળાઓની બાળાઓએ આ પૂજનમાં ભાગ લીધો હતો. તેમને કુમકુમ તિલક કરવામાં આવ્યું હતું અને ચણિયા ચોળી, ઈમિટેશન જ્વેલરી તથા શણગારની વસ્તુઓ ભેટ આપવામાં આવી હતી.પૂજન બાદ તમામ બાળાઓને ભોજન કરાવવામાં આવ્યું હતું. મંદિરમાં મહારાજના આશીર્વાદ પણ આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે તમામ બાળાઓએ મંદિરના ચાચર ચોકમાં ઉત્સાહભેર ગરબા રમીને ધાર્મિક વાતાવરણને વધુ જીવંત બનાવ્યું હતું. સમગ્ર મંદિરમાં ભક્તિમય માહોલ છવાયો હતો.

### જિલ્લા મેજિસ્ટ્રેટ જે.એસ. પ્રજાપતિનું જાહેરનામું; ૨૬ એપ્રિલે મતદાન, ૨૮એ ગણતરી

## વાવ-થરાદ જિલ્લામાં આદર્શ આચારસંહિતા અમલમા સાત દિવસમાં હથિયાર જમા કરવાનો આદેશ કરાયો

(ગરવી તાકાત) વાવ તા.૪

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા એપ્રિલ-૨૦૨૬ દરમિયાન યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય અને પેટા ચૂંટણીઓના કાર્યક્રમની જાહેરાત થતાં જ વાવ-થરાદ જિલ્લામાં આદર્શ આચારસંહિતા અમલમાં આવી ગઈ છે. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને શાંતિપૂર્ણ મતદાન સુનિશ્ચિત થાય તે માટે જિલ્લા તંત્ર દ્વારા જરૂરી પગલાં લેવામાં આવ્યા છે.

જિલ્લા મેજિસ્ટ્રેટ જે.એસ. પ્રજાપતિએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને જાહેરનામું બહાર પાડ્યું છે, જેમાં જિલ્લાના તમામ હથિયાર પરવાનેદારોને જાહેરનામું પ્રસિદ્ધ થયાના ૭ દિવસની અંદર પોતાના હથિયારો સંબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા અનિવાર્ય બનાવવામાં આવ્યું છે.

જેમના હથિયાર પરવાના રિન્યુઅલ હેઠળ છે, તેમણે પણ જરૂરી દસ્તાવેજો સાથે હથિયાર જમા કરાવવા પડશે. જમા કરાયેલા હથિયારો ચૂંટણી પરિણામ જાહેર થયા બાદ ૬ મે, ૨૦૨૬થી પરત આપવામાં આવશે.

ચૂંટણી કાર્યક્રમ મુજબ જિલ્લામાં જિલ્લા પંચાયત, ૮ તાલુકા પંચાયતો તેમજ ભાભર અને થરાદ નગરપાલિકાની ચૂંટણીઓ યોજાનાર છે. મતદાન ૨૬ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સવારે ૭:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી યોજાશે, જ્યારે મતગણતરી ૨૮ એપ્રિલ, ૨૦૨૬ના રોજ હાથ ધરવામાં આવશે.

જાહેરનામા મુજબ કેટલીક શ્રેણીના પરવાનેદારોને આ નિયમમાંથી મુક્તિ આપવામાં આવી છે. તેમાં સરકારી તથા અર્ધસરકારી સંસ્થાઓના નામે હથિયાર ધરાવતા પરવાનેદારો, રાષ્ટ્રીય અથવા રાજ્ય કક્ષાના શૂટિંગ ખેલાડીઓ, બેંક અને છ્ર સુરક્ષા માટે માન્યતા પ્રાપ્ત એજન્સીના ગનમેન તેમજ ફરજ પરના સરકારી અધિકારીઓ અને કર્મચારીઓનો સમાવેશ થાય છે.

આ જાહેરનામું ૩ એપ્રિલ, ૨૦૨૬થી ૩૦ એપ્રિલ, ૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આદેશનો ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવશે. તંત્ર દ્વારા જનતાને શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ ચૂંટણી માટે સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

# સંક્ષિપ્ત સમાચાર

### હિંમતનગર બાયપાસ પર ચાલુ કારમાં લાગી આગ

## પરિવારનો સમયસર બચાવ, ફાયર વિભાગે આગ બુઝાવી




(ગરવી તાકાત) હિંમતનગર તા.૪

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નજીક કાંકરોલથી બેરણા બાયપાસ રોડ પર આજે બપોરે એક ચાલુ કારમાં અચાનક આગ લાગી હતી. કારમાંથી ધુમાડો નીકળતા જ પરિવાર સમયસૂચકતા વાપરી બહાર નીકળી ગયો હતો, જેથી તેમનો આબાદ બચાવ થયો હતો.

આ ઘટના શુક્રવારે બપોરના સમયે રોટરી સરસ્વતી સ્કૂલ પાછળ, હસ્તિનાપુર વિસ્તારમાં બની હતી. હસ્તિનાપુરના અતુલભાઈ ફલજીભાઈ પટેલ પોતાની સેન્ટ્રો કાર (નંબર ય્ત્ન ૦૯ છ૨ ૫૭૪૪) માં પરિવાર સાથે ઈડરના જુમસર જઈ રહ્યા હતા.

બાયપાસ રોડ પર પહોંચતા જ કારના આગળના ભાગમાંથી ધુમાડો નીકળવા લાગ્યો હતો. આ જોઈને અતુલભાઈ અને તેમનો પરિવાર તરત જ કારના દરવાજા ખોલીને બહાર નીકળી ગયો હતો. થોડી જ વારમાં કાર સંપૂર્ણપણે આગની લપેટમાં આવી ગઈ હતી.

આગની જાણ થતા જ હિંમતનગર ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર ટીમે પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. જોકે, આગ એટલી વિકરાળ હતી કે કાર સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી. હિંમતનગર ફાયર વિભાગના ફાયર ઓફિસર મયંકભાઈ પટેલે આ માહિતી આપી હતી.

## હિંમતનગર છ ડિવિઝન PIને અનોખી વિદાય : ફૂલડાં વરસાવી ઘોડા પર સવાર કરી ડીજે સાથે વરઘોડો નીકળ્યો



(ગરવી તાકાત) હિંમતનગર તા.૪

હિંમતનગર છ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા PI પી.એમ. ચૌધરીની બદલી થતાં તેમને અનોખી વિદાય આપવામાં આવી હતી. પોલીસકર્મીઓએ ફૂલડાં વરસાવી, ઘોડા પર સવાર કરાવી અને ડીજે સાથે વરઘોડો કાઢી તેમને વિદાય આપી.

PI પી.એમ. ચૌધરીની સુરત ખાતે બદલી થતાં તેમને ફરજમુક્ત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પોલીસ સ્ટેશન પરિવારે તેમના માટે વિદાય સમારંભનું આયોજન કર્યું હતું.

વિદાય સમારંભ કાર્યક્રમ બાદ, PI ચૌધરીએ પાઘડી ધારણ કરી ઓફિસમાંથી બહાર આવ્યા હતા. આ સમયે પોલીસ સ્ટેશનના કર્મચારીઓએ તેમના પર સુગંધિત ફૂલડાં વરસાવ્યા હતા. ત્યારબાદ તેમને ઘોડા પર બેસાડી, ડીજેના તાલે પોલીસ લાઈનમાં વિદાય વરઘોડો કાઢવામાં આવ્યો હતો.

વરઘોડા બાદ સ્ટેજ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં સૌએ PI ચૌધરીને શુભેચ્છાઓ પાઠવી હતી. અંતે, પોલીસ સ્ટેશન પરિસરમાં સૌએ સાથે ભોજન લીધું હતું અને ફરજની યાદગીરી રૂપે ભેટ આપી વિદાય આપી હતી.

## શબ્દ ઝબકાર પુસ્તકનું વિમોચન ડો. દેવેન્દ્ર શાહના હસ્તે કરવામાં આવ્યું



(પ્રતિનિધીદ્વારા) અમદાવાદ તા.૦૪

ભારતીબેન મોદીના ×શબ્દ ઝબકાર× પુસ્તકનું વિમોચન બોની ઓર્થોપેડીક પ્રાઈવેટ લિમિટેડમાં ડૉ. દેવેન્દ્ર શાહના હસ્તે કરવામાં આવ્યું.

પ્રવીણભાઈ મોદીના જન્મદિવસ નિમિતે તેમને યાદ કરીને પૂજા કરવામાં આવી અને ડૉ. દેવેન્દ્ર શાહના હસ્તે શબ્દ ઝબકાર પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું.

આ પુસ્તકની જે રકમ આવશે એ બધી રકમ ભારતીબેન મોદી સેવા અર્થે આપવાના છે..સેવા પરમો ધર્મનું ઉદાહરણ તેઓ હંમેશા ચરિતાર્થ કરતા રહે છે.

Volume : 11 Issue : 348 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002